
કાકી ક્લારા બ્રાઉન

અગ્રણી સંશોધક

લિન્ડા લોવેરી

છબી: જેનિસ લી પોર્ટર



સેન્ટ લુઇસ , મિઝોરી

૧૮૫૯

ક્લારા બ્રાઉને સૂકી માછલીઓના ડ્રમ પાછળથી

એનો રસ્તો કર્યો.

એ કપાસની ગાંસડીઓ પાસેથી પસાર થઈ.

બધી જગ્યાએ, લોકો નાવમાંથી ગુણીઓ અને
પેટીઓ ઉતારીને ગોદી પર ફેંકી રહ્યા હતા.

એ એનો બધો સામાન મિસિસિપી નદીથી નીચે
સેન્ટ લુઈસ લઈ આવ્યા હતા.


થોડા સમયમાં એ એનો સામાન ઢાંકેલી વેગનમાં

ચઢાવશે અને પશ્ચિમ તરફ પ્રયાણ કરશે.

રોકી માઉન્ટનમાં સોનાની શોધની વાતો ચારે બાજુ

ફેલાઈ રહી હતી.

બધા લોકો પૈસાદાર બનવાના સ્વપ્ના જોઈ રહ્યા
હતા.



ક્લારા અજાણ્યા લોકોના એક સમૂહ પાસે ગઈ.

એણે પૂછ્યું કે શું એ કોલોરાડો જઈ રહ્યા હતા.

એક મોટો, ગોરો માણસ પાછળ ફર્યો.

એણે ક્લારાને પૂછ્યું કે એક મહિલા, ગોદી પર
શું કરી રહી હતી?

અને એ પણ કાળી મહિલા?

એણે મહિલાને ઉપરથી જોઈ.

એણે મહિલાને નીચેથી જોઈ.

પછી એણે ક્લારાને કહ્યું કે એ મિઝોરી

છોડી ન શકે.


કારણકે ક્લારા એક ગુલામ હતી.

ક્લારાએ ગર્વથી એના હાથમાં પકડેલા

કાગળો લહેરાવ્યા.

એણે એનું માથું ઉઠાવીને કહ્યું કે એ હવે
ગુલામ ન હતી.

એ ક્લારા બ્રાઉન હતી, અને એના
હાથમાં એની સ્વતંત્રતાના
કાગળિયા હતા.



બધા લોકોએ ક્લારાને તાકીને જોઈ.

1859 માં, ઘણા ગુલામોને મુક્ત કરવામાં આવ્યા ન હતા.

પણ જયારે ક્લારાના છેલ્લા માલિકનું મૃત્યુ થયું, તો ક્લારાએ એની સ્વતંત્રતા ખરીદી.

એને માટે એને ઘણા પૈસા આપવા પડયા અને ઘણું કામ પણ કરવું પડયું.

પણ 57 વર્ષની ક્લારા, હવે એક આઝાદ મહિલા હતી.

ક્લારાએ લોકોને કહ્યું કે એની પાસે હવે કોલોરાડો જવા માટે પૈસા બચ્યા ન હતા.

પણ એ એને માટે રસ્તામાં કામ કરશે.

એ પુરુષોને જોઈને એવું લાગી રહ્યું હતું કે એ અમીર બનવાના સ્વપ્ના જોવામાં બહુ વ્યસ્ત હતા.

ત્યાં એનું ખાવાનું કોણ બનાવશે?

એના કપડાં કોણ ધોશે?

ક્લારાએ કહ્યું કે એ એનું ખાવાનું બનાવશે અને એના કપડાં ધોશે.

એ સાંભળીને એ લોકોના ચહેરા ઉપર સ્મિત ખીલી ઉઠયું.



પછી એ લોકોના સમૂહની મુખ્ય વ્યક્તિ ક્લારા તરફ આગળ વધી.

"મારુ નામ કર્નલ વેડ્સવર્થ છે," એણે કહ્યું.

એ સમયે, ક્લારા બ્રાઉનને ખબર પડી ગઈ કે એ પણ પશ્ચિમ તરફ જરૂર જશે.

ક્લારા એનું કપડાં ધોવાનું ટબ અને બોઇલર (બાષ્પપાત્ર) પેક કરવા ઘરે ગઈ.

એની સૌથી સારી મૈત્રિણી, બેકી જોન્સને એની

મદદ કરી.

બેકી, ક્લારા માટે બહુ ઉત્સાહિત હતી.

ખાણીયા મજૂરો સોનાની શોધમાં પશ્ચિમ જઈને

ધનવાન બની રહ્યા હતા.

શું ક્લારા પણ ત્યાં જઈને ધનવાન બનશે?

ક્લારાની આંખોમાં અચાનક આંસુ આવી ગયા.

એને માટે ધનવાન થવું સારું થશે.


પણ હકીકતમાં એ બીજા એક કારણથી કોલોરાડો

જઈ રહી હતી.

એને આશા હતી કે એની દીકરી એલિઝા જેન ત્યાં

હશે.

ક્લારા ફક્ત એક વાર ફરીથી, એની દીકરીનો મીઠો ચહેરો જોવા ચાહતી હતી.



ક્લારાને ઘણી વાર અલગ-અલગ ગુલામ માલિકોને
વેચવામાં આવી હતી.

એ વર્જિનિયા, કેન્ટકી, કાન્સાસ અને મિઝોરી માં

રહી ચુકી હતી.

પચીસ વર્ષો પહેલા, કેન્ટકીના માલિકે એલિઝા

જેનને વેચી દીધી હતી.

ત્યારે એ કેવળ 10 વર્ષની હતી.

ક્લારાએ એને પછી ક્યારેય જોઇ ન હતી.

જે ક્ષણે ક્લારા 1856 માં મુક્ત થઈ, એણે

એલિઝાની શોધ શરુ કરી દીધી હતી.

એણે બધા લોકોને પૂછ્યું કે શું એમણે એની


દીકરીને ક્યાંય જોઈ હતી.


એ એની દીકરીને ઓળખવાની આશામાં,

પાસેથી પસાર થતા લોકોના ચહેરાને તાકીને

જોતી હતી. એટલે ક્લારા પશ્ચિમ તરફ જઈ રહી
હતી. એણે વિચાર્યું કે એલિઝાના માલિક એને

ત્યાં લઈ ગયા હશે.





બીજે દિવસે, મોટા પોકારો અને બળદના

નસકોરાંના અવાજો સાથે વેગન ટ્રેન રવાના થઈ.

દરેક વેગનમાં ઊંચે સુધી સામાન લાદેલો હતો.

ખોદવા માટે ભારે ઉપકરણો હતા.

લોટ અને ચોખાની ગુણો, સફરજનના ટોકરા,

ચ્હા ના ડબ્બા હતા.

મોટા ભાગના મજૂર પુરુષ એકલા જઈ રહ્યા હતા.

થોડા પોતાની પત્નીઓને સાથે લાવ્યા હતા.

ક્લારાએ બધાનું ધ્યાન રાખ્યું.

રોજ, એ શિબિરના તાપણાંમાં ખાવાનું બનાવતી હતી.

એ સૂકવવા માટે ભેંસનું માંસ લટકાવતી હતી.

જયારે લોકો બીમાર પડતા, તો ક્લારા ચ્હા પીવડાવીને અને જડી-બૂટીથી એનો ઈલાજ કરતી હતી.

તો પણ, ક્લારા સાથે કેવો વ્યવહાર કરવો એ

પુરુષોને ખબર ન હતી.



ક્લારાને વેગનમાં સવારી કરવાની અનુમતિ ન હતી.

એ રોજ બળદ સાથે ચાલતી હતી.

રાતે, પુરુષો ચર્ચા કરતા કે શું ગુલામોને સ્વતંત્રતા મળવી જોઈએ.

એ એવી વાત પર પણ ચર્ચા કરતા કે ક્લારા ને ક્યાં સૂવું જોઈએ.

શું એને અન્ય મહિલાઓ સાથે વેગનમાં સૂવું જોઈએ?

અથવા એને બહાર ઢોર સાથે સૂવું જોઈએ?

પુરુષોને એ ખબર ન હતી કે ક્લારાની માઁ એક ચેરોકી ઇન્ડિયન હતી.

જો એને એ ખબર પડત તો ક્લારા માટે વધારે ખરાબ પરિસ્થિતિ થાત.

રાતે ક્લારા કોઈ વેગનની નીચે જમીન પર સૂઈ જતી હતી.

એ 680 માઈલ પગે ચાલી!

1859 ના જૂન મહિનામાં, વેગન ટ્રેન ડેનવર, કોલોરાડો પહુંચી.

ક્લારા થાકેલી હતી, પણ એ ઘણી રોમાંચિત હતી.

અહીં કોલોરાડોમાં, એ પોતાને માટે એક નવું જીવન શરુ કરશે.



સેન્ટ્રલ સિટી , કોલોરાડો
૧૮૫૯

ડેનવર, સોના વિષે અફવાઓથી ગુંજી

ઉઠ્યું હતું.

લોકો "સેન્ટ્રલ સીટી" ને ગોલ્ડ કન્ટ્રીનું

હૃદય બોલાવતા હતા.

પણ ડેનવર, "સેન્ટ્રલ સીટી" થી ઘણું દૂર હતું.

ત્યાં પહોંચવા માટે બે અઠવાડિયા, પહાડી રસ્તા પર
40 માઈલ દૂરની ખતરનાક યાત્રા કરવી પડતી હતી.
ત્યાં પહોંચવાનો એકમાત્ર રસ્તો કોચ દ્વારા હતો.

પણ સાર્વજનિક કોચોમાં કાળા લોકોને જવાની

અનુમતિ ન હતી.

ક્લારા પાસે એટલા પૈસા ન હતા કે

એ એક નિજી કોચનો ખર્ચો ઉઠાવી શકે.

પણ એણે બહાનું બનાવ્યું કે એ ડ્રાઈવરની
નોકરાણી હતી.

કોઈને એ ખબર ન હતી કે એણે એ


સવારી માટે ડ્રાઈવરને પૈસા આપ્યા હતા.

એ કાયદો તોડી રહી હતી.

એ જેલ જઈ શકતી હતી.

સૌભાગ્યથી, ક્લારા અને એનું કપડાં
ધોવાનું ટબ સુરક્ષિત રીતે પહોંચી ગયા.





સેન્ટ લુઈસની ગોદી પર ભીડ હતી અને
ઘોંઘાટ હતો.

પણ "સેન્ટ્રલ સીટી", કોલોરાડોની તુલનામાં

ઘણું શાંત હતું.

"સેન્ટ્રલ સીટી" માં ખાણીયા બંદૂક સાથે
રાખતા હતા.

શેરીઓના નાકા પર લોકો મારામારી કરતા
હતા.

ચીસાચીસ અને બંદૂકના અવાજો વચ્ચે રાતે સૂવાનું
મુશ્કેલ થઈ જતું હતું.

સોનાની શોધને લીધે લોકો થોડા ગાંડા

થઈ ગયા હતા.

તો પણ, ક્લારા ત્યાં આવીને બહુ ખુશ હતી.

થોડા દિવસોમાં એણે એની દુકાન ખોલી

લીધી.

કોલોરાડોમાં ક્લારાએ એક લોન્ડ્રી (ધોલાઈઘર) ચલાવી હતી.

આટલા વર્ષો એક ગુલામ જેવું કામ કર્યા પછી,

ક્લારા એક ઉત્કૃષ્ટ લોન્ડ્રી મજૂર બની ગઈ હતી.

સોનાના ખાણીયા એની પાસે પોતાના કપડાં ધોવડાવવા લઈ આવતા હતા.

થોડા સમયમાં એ દરેક ખમીસ માટે 50 સેન્ટ કમાઈ રહી હતી.

એ સમયે એ બહુ વધારે પૈસા હતા.

1859 માં, 50 સેન્ટથી પાંચ ડબલરોટી ખરીદી

શકાતી હતી.

ક્લારાએ થોડા સમયમાં એની કમાણીથી વધારે

પૈસા બનાવવાનું શીખી લીધું.

એણે ડેનવર, બોલ્ડર અને ઇડાહો સ્પ્રિંગ્સ,

કોલોરાડોમાં જમીન ખરીદી.

એણે "સેન્ટ્રલ સીટી" માં પાંચ ઘર ખરીદ્યા.


થોડા વર્ષોમાં, એની પાસે 10,000 ડોલરની

જમીન અને પૈસા હતા.

હવે ક્લારા બ્રાઉન પૈસાદાર બની ગઈ હતી.

તો પણ, એ રોજ એલિઝા જેનના સમાચારની

રાહ જોતી હતી.



"સેન્ટ્રલ સીટી" માં કોઈને એલિઝા જેન વિષે

ખબર ન હતી. ક્લારાની બહેનપણી બેકી પાસે પણ કોઈ ખબર ન હતી.

પણ દુનિયાના બધા પૈસા પણ ક્લારાને એની દીકરીને પાછી જોવા જેવી ખુશી આપી સકતા ન હતા.

જયારે ક્લારા કોલોરાડોમાં રહેતી હતી, ત્યારે

ગૃહયુદ્ધ શરુ થઈ ગયું હતું.

દક્ષિણી રાજ્યોના લોકો ચાહતા ન હતા કે ગુલામ

આઝાદ થાય.

ઉત્તરી રાજ્યોના લોકો ચાહતા હતા કે ગુલામી

નાબૂદ થઈ જાય.

બંને બાજુના સૈનિકો ચાર વરસ સુધી લડાઈ

લડયા. 1865 માં, યુદ્ધ સમાપ્ત થયું.

એ પછી તરત બધા ગુલામોને મુક્ત કરી

દેવામાં આવ્યા.

ક્લારાએ એક વાર ફરી એની દીકરીની શોધ

કરવાનો ફેંસલો કર્યો.



એ કેન્ટકી જશે.

ત્યાં જ એલિઝા જેનનો જન્મ, ગુલામીમાં થયો હતો.

ક્લારાને આશા હતી કે એની દીકરી ત્યાં જ હશે.



કેન્ટકી

૧૮૬૬

ક્લારાએ લોન્ડ્રી બંધ કરી દીધી અને ફરી
કેન્ટકીની લાંબી યાત્રા કરી.
ત્યાં બધું બદલાઈ ગયું હતું.
ગૃહયુદ્ધને લીધે ઘરો અને પરિવારો નષ્ટ
થઈ ગયા હતા.
ઘણા મોટા ખેતરો નષ્ટ થઈ ગયા હતા.
જે લોકો ગુલામ હતા, એને ખબર ન હતી
કે હવે એને કામ ક્યાં મળશે.
એની પાસે ન ઘર હતું અને ન પૈસા.

એમાંથી થોડા શિબિરોમાં રહેતા હતા, અને
પોતાના ભવિષ્ય વિષે વિચારી રહ્યા હતા.
ક્લારા ઘણા મુક્ત ગુલામોને મળી.
એણે એ બધાને પૂછ્યું કે શું એ એલિઝા જેન
નામની કોઈ મહિલાને જાણતા હતા.
એણે એક શહેરથી બીજા શહેરની યાત્રા કરી.
એ એક શિબિરમાંથી બીજી શિબિરમાં ગઈ.
પણ એને એની દીકરીની કોઈ ભાળ ન મળી.



ક્લારા પોતે બહુ એકલી અને દિશાહીન

સ્થિતિમાં હોય એવો એવો અનુભવ કરી રહી હતી.

એલિઝાના કોઈ ખબર ન મળવાથી એનું દિલ

તૂટી ગયું હતું.

એના સમગ્ર જીવનમાં, ક્લારાનું માનવું હતું કે

મુશ્કેલ સમયમાં ભગવાને જ એની મદદ કરી

હતી. એટલે એણે ભગવાનને પૂછ્યું કે એણે શું


કરવું જોઈએ.

ક્લારાની પ્રાર્થનાઓએ એને એક નવો પરિવાર શરુ કરવા માટે
પ્રેરિત કરી.

એ ક્લારા અને એલિઝા જેવા લોકોનો પરિવાર

હશે. એમાં એવા લોકો હશે જે માતા-પિતા અથવા

એના બાળકોને શોધી શક્યા ન હતા.



ક્લારાએ એના પૈસા ગણ્યા.

એની પાસે 26 નવા મુક્ત દાસોને એની સાથે

કોલોરાડો પાછા લઈ જવા માટે પૂરતા પૈસા હતા.

એમાંથી થોડા એના સગાં હતા.

પણ મોટે ભાગે અજાણ્યા લોકો હતા.



ક્લારાના નેતૃત્વમાં એનો નવો "પરિવાર" એક

વેગન ટ્રેનમાં પશ્ચિમ તરફ ચાલ્યો.

આ વખતે બધાનું ભાડું ચુકવવામાં આવ્યું અને
બધા વેગનોમાં સવાર થયા.

કોઈ પણ પગે ચાલીને ન ગયું.

1860 માં, આખા ડેનવરમાં ફક્ત 23 અશ્વેત
લોકો હતા.

છ મહિના પછી, ક્લારા 26 લોકોના એના

"પરિવાર" સાથે ત્યાં આવી.

એ આઝાદ ગુલામોના સમાચાર સમાચારપત્રોમાં

પ્રકાશિત થયા.

સમાચારપત્રોએ કહ્યું કે ગુલામ, કોલોરાડોમાં ગીત

ગાતા અને નૃત્ય કરતા આવ્યા હતા.

કલારાએ પ્રત્યેક વ્યક્તિને એક ઘર કે જમીનનો

ટૂકડો આપ્યો.

એણે એને પોતાનો વ્યવસાય શરુ કરવાનું

શીખવાડયું.

બદલામાં, એના પરિવારે એલિઝા જેન વિષે

અન્ય લોકોને પૂછપરછ કરી.



પણ થોડા સમયમાં ક્લારાના બધા પૈસા પૂરા થઈ ગયા.

થોડા અન્યાયી વેપારી લોકોએ એની સાથે દગો

પણ કર્યો.

પૂરમાં એણે એની થોડી જમીન પણ ખોઈ દીધી.

તો પણ, એ પોતાને પૈસાદાર માની રહી હતી.

એના પૈસાથી ઘણા લોકોએ એક નવું, મુક્ત

જીવન શરુ કર્યું હતું.

પણ ક્લારા હવે વૃદ્ધ થઈ રહી હતી.

પોતાની સંભાળ રાખવા હવે એને પૈસાની

જરૂર હતી.

જયારે અગ્રણી વૃદ્ધ થઈ જતા, તો કોલોરાડો રાજ્ય એણે જમીન વસાવવા કરેલા કામના બદલામાં, એને પૈસા આપતું હતું.

આ પૈસાને પેંશન કહેવામાં આવતું હતું.



1865 થી પહેલા કોલોરાડોમાં વસેલી દરેક

વ્યક્તિ અધિકૃત અગ્રણી હતી.

ક્લારા ત્યાં 1859 માં આવી હતી.

પણ જયારે એણે એનું પેંશન લેવાની કોશિશ કરી,

તો એને થોડા અજબ નિયમો જાણવા મળ્યા.

કોઈ અધિકૃત અગ્રણીને ગોરા હોવાનું જરૂરી હતું. અને કોઈ અધિકૃત અગ્રણીને પુરુષ હોવાનું જરૂરી હતું.

એક કાળી મહિલાને અગ્રણી પેંશન મળી શકે નહીં.

ક્લારા એની દયા માટે મશહૂર હતી.

એણે હંમેશા એ લોકોની મદદ કરી હતી

જે ખાસ કરીને ભૂખ્યા અથવા માંદા હોય.

અથવા જેની ત્વચાના રંગને કારણે એની સાથે

ખરાબ વ્યવહાર કરવામાં આવ્યો હોય.

બધા એને "કાકી" ક્લારા બ્રાઉન બોલાવતા હતા.

પણ આ વખતે ક્લારાએ લોકો પાસે મદદ માંગી.


ક્લારાએ એના મિત્રોને વાત કરી.

લોકોને લાગ્યું કે ક્લારાએ ત્યાં એટલું જરૂર કર્યું

હતું જે કોલોરાડોના કોઈ પણ ખાણીયાએ કર્યું હતું.

પછી લોકોએ અખબારમાં પત્રો લખ્યા.

એમણે ક્લારાની સમસ્યા વિષે સીટી હોલમાં ભાષણ આપ્યા.



નિયમો બદલવામાં આવ્યા.

કાકી ક્લારા બ્રાઉન કોલોરાડોની પહેલી આધિકારિક અગ્રણી બની જે ગોરી ન હતી.

એને એ પેંશન મળ્યું જેની એ હકદાર હતી.





કાઉન્સિલ બ્લફ્સ , આયોવા
૧૮૮૩

જયારે ક્લારા 80 વર્ષની હતી, ત્યારે એને એની જૂની બહેનપણી બેકી જોન્સનનો પત્ર મળ્યો.

બેકી આયોવામાં વસી ગઈ હતી.

ધીરે-ધીરે ક્લારા આંધળી થતી જતી હતી.

એને બેકીનો પત્ર વાંચવા માટે આંખો પર બહુ જોર કરવું પડયું.




પણ ક્લારા પાસે યાત્રા કરવા માટે પૂરતા પૈસા ન હતા.

ક્લારાના મિત્રોએ સમાચાર સાંભળ્યા.

એમણે સમાચારપત્રમાં લેખ લખ્યા અને એની યાત્રાના પૈસા ભેગા કરવા માટે એક રાત્રિભોજન નું આયોજન કર્યું.

પછી વસંતની શરૂઆતમાં, ક્લારા, કાઉન્સિલ બ્લફ્સ, આયોવા જવાવાળી ટ્રેનમાં ચઢી.



પોસ્ટ ઓફિસમાં બેકી એક મહિલાને મળી,

જેનું નામ એલિઝા જેન હતું.

એ ગુલામ હતી.

જયારે એ 10 કે 11 વરસની હતી, ત્યારે એને એની માઁ થી અલગ કરવામાં આવી હતી.

એક ક્ષણ માટે ક્લારાનું હૃદય થંભી ગયું.

શું એ એની દીકરી હોઈ શકતી હતી?

"જલ્દી આવો," બેકીએ પત્રમાં લખ્યું હતું.



રસ્તામાં એના મગજમાં 50 વર્ષો પહેલાની કેન્ટકી

ની યાદો તાજી થઈ રહી હતી.

એને ગુલાબી પોશાક પહેરેલી એની નાની છોકરી

યાદ આવી, જે હરાજી માટે મંચ પર ઉભી હતી.

એલિઝા જેન એટલી ડરી ગઈ હતી કે એણે ભીડ

ની સામે ઉલ્ટી કરી દીધી.

એનાથી એનો માલિક બહુ નારાજ થયો.

કારણકે જો એ માંદી દેખાય તો માલિકોને

એના ઓછા પૈસા મળે.

ક્લારા એ બધા ગોરા લોકોને દૂર ધકેલીને મંચ

પર પહોંચવા ચાહતી હતી.


એ એની નાની દીકરીને પાછી છીનવી લેવા ચાહતી
હતી અને એને એના હૃદય સરસી ચાંપવા ચાહતી
હતી.

એને બદલે, એલિઝા જેનને વેચી દેવામાં આવી.

એને કૃષિ ઉપકરણ, ફર્નિચર અને અન્ય ગુલામો
સાથે એક વેગન પર લાદવામાં આવી.

ક્લારા અને એલિઝાને એક છેલ્લી વાર આલિંગન

માટે પણ મોકો ન મળ્યો.



ક્લારાની ટ્રેન કાઉન્સિલ બ્લફ્સ આવી પહોંચી.

ત્યાં ક્લારા, સેકન્ડ સ્ટ્રીટ જવાવાળી ટ્રોલીમાં

સવાર થઈ.

ક્લારા જેટલી એના સ્ટોપની નજીક પહોંચી, એનું હૃદય એટલું જ તેજીથી ધડકવા લાગ્યું.

બીજા યાત્રી જોઈ શકતા હતા કે ક્લારા ડરી ગઈ હતી.

યાત્રીઓએ સુનિશ્ચિત કર્યું કે ક્લારા બરાબર એના સ્ટોપ પર ઉતરે.

ક્લારા જ્યારે ટ્રોલી પરથી ઉતરી તો માર્ચ મહિનાની તેજ હવા ચાલી રહી હતી.

એણે વરસાદમાં આંખો ઝીણી કરીને જોયું.



એણે જોયું કે રસ્તા પર પાણીના ખાડામાંથી એક ઊંચી, કાળી મહિલા એની પાસે દોડીને આવી રહી હતી.

અચાનક, ક્લારાને ડર લાગવા લાગ્યો.

શું થશે, જો એ એની દીકરીને ઓળખી નહીં શકે?

કેટલા વરસ વીતી ગયા હતા, કેટલા વરસ!

દોડીને આવી રહેલી મહિલા ધીમી થઈ ગઈ અને પછી એ ક્લારાની પાસે આવી.

શરૂઆતમાં ક્લારા ફક્ત એનું નાક અને એનું સ્મિત જોઈ શકી.

મહિલાએ બીજું એક શરમાળ પગલું આગળ લીધું.

ત્યાં સુધીમાં ક્લારા એ મહિલાની ઘણી નજીક હતી અને એની આંખોને જોઈ શકતી હતી.

એ એવી જ મીઠી ભૂરી આંખો હતી જે ક્લારા ક્યારેય ભૂલી શકી ન હતી.

એનું હૃદય ઉછળવા લાગ્યું.

સો વરસ વીતી જાય તો પણ એ એની નાની બાળકીને ક્યાંય પણ ઓળખી જાત.

ક્લારાએ એની ભુજાઓ ફેલાવી.

એલિઝા જેન, ક્લારાને ગળે વળગી પડી.

ક્લારા હવે પોતાને દુનિયાની સૌથી ધનવાન

મહિલા હોવાનો અનુભવ કરી રહી હતી.


એણે ફરીથી એની દીકરી એલિઝા જેનને

બાહુઓમાં સમાવી લીધી હતી.

અને આ વખતે, એ એને ક્યારેય જવા દેશે નહીં.



અંતિમ શબ્દો



ઓગસ્ટ ૧૮૮૫ માં , પાયોનિયર એસોસિએશનની એકમાત્ર મહિલા સભ્ય કાકી ક્લારા બ્રાઉન માટે ડેનવરમાં એક ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. સેંકડો લોકો તેમને અભિનંદન આપવા આવ્યા હતા: એક સમયે ગુલામો રાખનારા ઉદ્યોગપતિઓ, શ્રીમંત જમીનમાલિકો , જૂના મિત્રો , અને ડેનવરના મેયર પણ.

પરંતુ એક ઘટનાએ ક્લારા માટે આ ક્ષણને સૌથી ખુશહાલ બનાવી. એલિઝા જેન તેની માતાને મળવા ગયા પછી કોલોરાડો ગઈ હતી. ક્લારાએ વ્હીલચેરમાં પોતાનો પાયોનિયર એવોર્ડ સ્વીકાર્યો ત્યારે , એલિઝા જેન એક બાજુ ઉભી હતી અને બીજી બાજુ ક્લારાની પૌત્રી.

બે મહિના પછી , લગભગ ૮૩ વર્ષની ઉંમરે , કાકી ક્લારા બ્રાઉનનું ડેનવરમાં તેમના નાના સફેદ ઘરમાં અવસાન થયું. ઘણા લોકો તેમને પ્રેમ કરતા હતા. તેઓ બધા વારાફરતી તેમના પલંગની આસપાસ ગાતા હતા - કારણ કે બધા માટે ઊભા રહેવા માટે પૂરતી જગ્યા નહોતી.

મહત્વપૂર્ણ તારીખો

૧૮૦૨ - ક્લારાનો જન્મ વર્જિનિયામાં ગુલામીમાં થયો. (તેણીની ચોક્કસ જન્મ તારીખ અનિશ્ચિત છે.)

૧૮૦૫ - કેન્ટકીમાં જ્યોર્જ બ્રાઉન નામના માણસને ગુલામ તરીકે વેચવામાં આવ્યો.

૧૮૨૦ - સાથી ગુલામ રિચાર્ડ બ્રાઉન સાથે લગ્ન કર્યા.

૧૮૨૬ - પુત્રી એલિઝા જેનનો જન્મ.

૧૮૩૬ - એલિઝા જેન બીજા માલિકને વેચાઈ ગઈ.

૧૮૫૬ - ક્લારા પોતાની સ્વતંત્રતા ખરીદે છે.

૧૮૫૯— કોલોરાડોમાં આગમન

૧૮૫૯-૧૮૬૫— જમીન ખરીદી અને સંપત્તિ બનાવી

૧૮૬૫ - એલિઝા જેનની શોધમાં કેન્ટકી ગયા

૧૮૬૬ - મુક્ત ગુલામોને કોલોરાડો લાવ્યા.

૧૮૮૧ - કેન્ટુકીમાં પાયોનિયર પેન્શન મેળવ્યું

૧૮૮૩ - એલિઝા જેન સાથે ફરી મળી.

૧૮૮૫— કાકી ક્લારા બ્રાઉનના માનમાં ડેનવરમાં એક ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

૧૮૮૫ - કોલોરાડોમાં કાકી ક્લારા બ્રાઉનનું અવસાન.